# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૪ /ક્વા- ૨/૧૯- ૨૦/૭૨૨૮–૩** **તા.૦૧–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૩૪ /ક્વા- ૨ /૧૯- ૨૦**

અરજદાર: શિવ લહેરી મિનરલ્સ ગામ: ખંભાળિયા
રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે અરુણભાઈ વિ. ત્રિવેદી હાજર રહેલ છે.

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ખંભાલીયા
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એ.એચ.વાઘેલા પીજીવીસીએલ વિભાગીય કચેરી – ખંભાલીયા

**:: કોરમ ::**

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૧૦-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર શિવ લહેરી મિનરલ્સ ગામ -ખંભાળિયા, તેઓની અરજીના નોંધણી નં: ૩૪/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે,** અરજદાર બાંકોડી ગામ ના સર્વે નંબરઃ ૬૩૫ મા ઓદ્યોગીક હેતુ નુ બિનખેતી જમીનમાં વીજજોડાણ મેળવવા માટે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી માં માહે એપ્રીલ – ૧૯ મા અરજી આપેલ છે, જેનુ રજીસ્ટ્રેશન તા.૦૭–૦૬–૧૯ ના આપેલ છે. તેમજ, પીજીવીસીએલ / કોમ / ૨૬૦૭ તા.૨૧–૦૩–૧૬ ના પરીપત્રમાં દર્શાવેલ દસ્તાવેજીક પેપર્સ સીવાયના અન્ય દસ્તાવેજીક પેપર્સ માંગીને માનસીક હેરાન કરવામા આવે છે, તેમજ ભાવપત્રક **અપાયેલ** નથી. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૦/૨૦૦૫ મુજબ – દિન–૧૦ મા ભાવપત્રક મળી જવુ જોઈએ – જે વિલંબ અંગેનુ વળતર નિયમાધીન આપવા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-કલ્યાણપુર તાલુકાના બાકોડી ગામે નવું ઔધોગિક વીજ જોડાણ મેળવવાની અરજદારની અરજી અન્વયે તા.૦૭.૦૬.૧૯ ના રોજ ઈ-ઉર્જા નં.૧૨૦૦૬૩૨૮ થી નોંધ કરેલ જે અન્વયે તાંત્રિક મંજુરી તારીખ ૦૫.૦૮.૧૯ થી નિગમિત કચેરી દ્વારા મંજુર કરવામાં આવતા અરજદારને ભાવ પત્રક તા.૦૬.૦૮.૧૯ થી પીજીવીસીએલ કંપનીના પ્રવતમાન નિયમ મુજબ આપવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર શિવ લહેરી મિનરલ્સ** બાંકોડી ગામ ના સર્વે નંબરઃ ૬૩૫ મા ઓર્દ્યોગીક હેતુ નુ બિનખેતી જમીનમાં **૬૭.૧૪** કીવો નુ એલ.ટી. વીજજોડાણ મેળવવા માટે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી માં માહે એપ્રીલ – ૧૯ મા અરજી આપેલ છે, જેનુ રજીસ્ટ્રેશન તા.૦૭–૦૬–૧૯ ના **થયેલ છે.જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી મંજુરી મેળવીને તા. ૦૬.૦૮.૧૯ થી ભાવપત્રક અરજદાર ને આપવામાં આવેલ છે.** થી નીચે મુજબ આપેલ છે.

- ટેપીગ ચાર્જ – રૂ.૭,૦૫૪/–
- ૧૧ કેવી લાઈન – એ.બી.કેબલ – ૨ કીમી – રૂ **૧૯૪૭૯૭૯** /–
- સર્વિસ કને. ચાર્જ – રૂ.૧૭,૨૭૯/–
- એગ્રીમેન્ટ ફી – રૂ.૧૦૦/–
- ૧૧ કેવી **AB switch**– રૂ.**૧૭૫૫૩૪** /–
- સીક્યોરીટી ડિપોઝીટ રૂ.**૨૦૯૯૯૧** /–
- ટ્રાન્સફોર્મર ચાર્જ રૂ. ૨,૨૫,૪૭૫/–
- કુલ રૂ.**૨૫૮૩૪૧૨/-**

ઉપરોકત સદર ભાવપત્રક ભરપાઈ કરવાની છેલ્લી તા.**૦૪**–૦૯–૧૯ હતી.

૪.૨ ઉપરોકત મુદદા નં. ૨.૦ ના અનુસંધાને – અરજદાર દ્વારા તેઓની માંગણીનુ નવુ વીજજોડાણ નામદાર જીઈઆરસી અને જીયુવીએનએલ હેઠળ ની તમામ કંપનીમાં બીનખેતી કરાવેલ જમીનમાં ફીકસચાર્જ મુજબ – ભાવપત્રક આપવા રજુઆત કરેલ છે. જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મુદદા નં. ૩.૦ મુજબ – સદર વીજજોડાણ વાળી જગ્યા મેઈનરોડ થી ૨ કીમી જેટલી દુર આવેલ હોય **ગામતળ બહાર વિવિધ હેતુ માટે વિજ જોડણ આપવાની સર્વગ્રાહી નીતિ માટે** પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ **મુજબ ૬ KW થી વધારે એટલે કે થ્રી ફેઈજ વીજ જોડાણ માત્ર HVDS પદ્ધતિ દ્વારા જ અને HT લાઈન માટે ઓવરહેડ HT AB CABLE નો ઉપયોગ ફરજીયાત રહશે જે અન્વયે સર્વે થયા મુજબ વાસ્તવિક ખર્ચ મુજબનું નીયમાધીન ભાવપત્રક આપવામાં આવેલ છે.**

૪.૩ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ **માં જણાવેલ શરતો/નિયમો મુજબ " એવા સંજોગો કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાની વિસ્તાર કે છુટાછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફીડર પરથી જ ઉપર મુજબ વીજ જોડાણ આપવાના રહેશે". ત્યારબાદ** જીયુવીએનએલ ના પત્ર નંબરઃ **૧૦૮૫ તા.૦૧.૦૯.૨૦૧૭ મુજબ** બીનખેતી કરાવેલ જમીનમાં **ધારા ધોરણ અનુસાર** ફીકસચાર્જ **વસૂલાત કરવાની નીતિ ચાલુ રહેશે. ઉપરોક્ત પેરા ન.૪.૨ માં જણાવ્યા મુજબ સામાવાળા દ્વારા અરજદારનું વીજ જોડાણ આપવા માટે સલામતીને ધ્યાને રાખીને ૨ કિમિ** HT AB CABLE **નો ઉપયોગ કરીને દરખાસ્ત સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સદર બાબતે સામાવાળા દ્વારા ફરિયાદી અરજદારની રજુઆતના અનુસંધાને** HT AB CABLE **ની કોસ્ટ** bare conductor **ની કોસ્ટ કરતા ખુબજ વધારે હોઈ સામાવાળા દ્વારા** GUVNL **ને લખેલ ના પત્ર નં ૬૧૬૮ તા. ૨૨.૦૭.૧૯ મુજબ યોગ્ય જણાય છે. જેથી** બીનખેતી કરાવેલ જમીનમાં ફીકસચાર્જ મુજબ – ભાવપત્રક આપવા **અંગેની અરજદારની રજૂઆત ગ્રાહ્ય**

રાખી શકાય નહિ. વધુમાં અરજદારની અરજી તા.૦૭.૦૬.૧૯ અન્વયે ભાવપત્રક આપવામાં ઈરાદાપૂર્વક બેદરકારી દાખવેલ નથી- જે ફક્ત વહીવટી પ્રક્રિયામાં વિલંબ થયેલ છે જેથી અરજદારની વળતર મળવા અંગેની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ.

૪.૪ સદર કેઈસ માં ઉપરોક્ત પેરા નં.૪.૩ મુજબ આદેશ આપવામાં આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯